જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૮/૨૦૨૧ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૯૨/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૭ | ૦ | ૧૧૬૩૭ | ૧૭૭૪૮ | ૦ | ૧૭૭૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૮ | ૦ | ૬૨૬૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૭ | ૦ | ૧૦૭ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૮૧૯૪ | ૧૨૯ | ૬૮૩૨૩ | ૬૯૦૧૧ | ૧૩૭ | ૬૯૧૪૮ |
| | કુલ | ૮૪૬૭૦ | ૧૨૯ | ૮૪૭૯૯ | ૯૩૪૦૧ | ૧૩૭ | ૯૩૫૩૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૮ | ૩,૮૦,૬૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૦૪ | ૧૩,૦૪,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

## મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી ડી.વી.તડવી  સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.એન.પી.ગરાસીયા સા.નાઓની સુચના અન્વયે અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.ગોપાલ દેવાભાઇ બ.નં.૬૬૭૭ તથા પો.કો.સંજયકુમાર ગોવિંદભાઇ બ.નં.૭૯૮૮ તથા પો.કો. જીગ્નેશકુમાર રમેશભાઇ બ.નં.૧૧૯૯ પો.કો. ખુમાનસિંહ બળદેવભાઈ બ.નં. ૭૨૮૮ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન  સાથેના પો.કો.સંજયકુમાર ગોવિંદભાઇ તથા પો.કો. જીગ્નેશકુમાર રમેશભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે (૧) ઐયુબ અનવરભાઇ સલમાની ઉ.વ.૨૬ રહે : મ.નં.૧૫ એવન નગર,જનતા રો હાઉસની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૨) મોહમદઝૈદ ઉર્ફે ગની સ/ઓ ઇરફાનભાઇ અંસારી ઉ.વ.૧૯ રહે : મ.નં.૫૪ રાબીયાનગર એવન નગરની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર  નાઓએ ચોરી કરી મેળવેલ કન્ટ્રકશન મટીરીયલ જેવુ કે, ડોકા ફોર્મવર્ક ,શટ્ટરિંગ,તેમજ લોખંડના સળીયા વિગેરે આશરે બે ટન જેટલો લોખંડનો ભંગાર જેની  આશરે કિ,રૂ,૧,૪૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૧૨૨૧૧૨૯૩/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ - ૩૭૯ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૯૩/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૮૫ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૭,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૯૪/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૯૫/૨૦૨૧

**કાલુપુરઃ** આરીફભાઇ અબ્દુલહમીદ શેખ (ઉ.વ.૪૮) (રહે. ભાગવતવાળાની પોળ નવા દરવાજા રોડ ઝકરીયા મસ્જીદ પાસે કાલુપુર) એ તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૮૩૩૪૯૧૭૯૫૮ ના ધારકે એસ.બી.આઇ.બેન્કમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ક્રેડીટ કાર્ડની લિમીટ વધારી આપવાની વાત કરતા આરીફભાઈ શેખએ ક્રેડીટ કાર્ડની લીમીટ વધારવા જણાવતા તેઓએ પ્રોસેસ કરવાનુ જણાવી આરીફભાઈ શેખના ક્રેડીટ કાર્ડની વિગત મેળવી લઈ આરીફભાઈ શેખના મોબાઇલમાં ઓ.ટી.પી.નંબર મોકલી તે ઓ.ટી.પી.નંબર મેળવી લઈ આરીફભાઈના એસ.બી.આઇ.બેન્કના ક્રેડીટ કાર્ડમાંથી ઓનલાઈન રૂપિયા ૧,૧૮,૮૮૬/- ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

**સેટેલાઈટઃ** મધુબહેન વા/ઓ જયંતિલાલ પટેલ (ઉ.વ.૬૨) (રહે. આકાશદીપ ડુપ્લેક્ષ આબાવાડી શ્રેયસ ક્રોસીગ) એ તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે મધુબહેનના પતિ કોરોના મહામારીમાં સંક્રમણમાં આવ્યા હતા ત્યારે હોસ્પીટલમાં સાથે રહી તા.૦૯/૦૫/૨૦૨૧ થી તા.૨૨/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મધુબહેનના સંબંધી મિનેશભાઇ અરવિંદભાઇ પટેલ (રહે. સુર્યમ એલીગ્નસ દેવશ્યા ઇન્ટરનેશનલ સ્કુલ પાસે ઓઢવ) એ મધુબહેન પટેલના પતિના મોબાઇલ ફોન નંબર તથા આધારકાર્ડની માહીતી મેળવી લઈ મધુબહેનની જાણ બહાર ઈન્ટરનેટના માધ્યમથી મધુબહેનના પતિના મોબાઇલ દ્વારા રૂપિયા ૧૧,૬૪,૫૦૦/- વ્યવહાર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લીંબોલા ચલાવે છે.

**નવરંગપુરાઃ** યોગેશકુમાર પ્રહલાદભાઇ સુથાર (ઉ.વ.૪૫) (રહે. ઉત્સવ હાઇટસ સ્વામિનાયરણ મંદીરની બાજુમાં નિરાંત ચોકડી પાસે વસ્ત્રાલ) એ તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે યોગેશકુમાર નવરંગપુરા, આશ્રમ રોડ, ચિનુભાઇ ટાવર ખાતે ભાગીદારીમાં એમ.કે.એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢી ચલાવતા હોઈ તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ યોગેશભાઈના ઓળખીતા જુના કાપડના વેપારી પિયુષભાઇના નામથી મોબાઈલ નંબર ૮૯૦૫૨૪૭૫૭૮ ના ધારકે ફોન કરી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- જરૂરીયાત જણાવી પૈસા લેવા રાજુ નામનો માણસ આવશે તેમ જણાવતા થોડા સમયમાં રાજુ નામનો વ્યક્તિ ઓફીસ આવી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- લઈ ગયો હતો. ત્યારબાદ પૈસા મળી ગયા એ બાબતે પિયુષભાઈને ફોન કરતા તેઓનો ફોન બંધ આવતા પિયુષભાઈના બીજા નંબર ઉપર સંપર્ક કરતા તેઓએ પૈસાની માંગણે નહી કરેલ હોવાનુ જણાવ્યુ હતુ તેમજ કોઈ વ્યક્તિને પૈસા લેવા પણ મોકલેલ નથી. ત્યારે પ્રાથમીક તપાસ કરતા જાણવા મળેલ કે જુના કાપડના વેપારી પિયુષભાઇના નામથી પૈસા લેવા આવેલ રાજુભાઇ નામનો વ્યક્તિ દીનારામ ગજારામ ચૌધરી (કડબી) (રહે. મહાલક્ષ્મી વીલા લાલગેબી આશ્રમ સામે બોપલ ધુમા) આશ્રમ રોડ ચિનુભાઇ ટાવર ખાતે આવેલ એમ.કે.એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢીમાં આવી ખોટુ નામ ધારણ કરી પેઢીમાંથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સ્નેહિકાબહેન ડો/ઓ નગીનભાઇ ખાંડેકર (ઉ.વ.૩૯) (રહે. કૃષ્ણ ટાવર સિને પ્રાઇડ સામે કૃષ્ણનગર) એ તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ સ્નેહિકાબહેનના મોબાઈલ ફોનમાં ટેક્સ મેસેજ આવેલ અને જેમા પર્શનલ લોન મેળવવા લીંક મોકલી હતી જે લીંક સ્નેહિકાબહેન ખાંડેકરે ઓપન કરતા મોબાઈલ નંબર સબમીટ કરવાનો ઉલ્લેખ કરેલ હોઈ સ્નેહિકાબહેને મોબાઈલ નંબર સબમીટ કરતા કંપનીના એક્ઝીક્યુટીવ વાત કરશે તેવો બિજો ટેક્સ મેસેજ આવ્યો હતો. ત્યારબાદ મોબાઈલ નંબર ૯૮૩૧૫૫૫૨૨૪ ના ધારકે બજાજ ફાયનાન્સમાંથી પ્રિયમ ઝા વાત કરતા હોવાનુ જણાવ્યુ હતુ. સ્નેહિકાબહેનને લોન લેવાની હોઈ પ્રિયમ ઝા એ માગ્યા મુજબના ડોક્યુમેન્ટ ઈન્ટરનેટના માધ્યમથી પુરા પાડ્યા હતા. ત્યારબાદ લોન પાસ કરાવવા અલગ-અલગ પ્રોસેસ પેટે કુલ રૂપિયા ૩૮,૭૫૦/- મોબાઈલ નંબર ૮૪૦૯૯૭૭૭૨૪ ના ધારક અશોકકુમાર તેમજ મોબાઈલ નંબર ૮૬૫૩૨૦૮૯૩૪ ના ધારક અકબર રફીકભાઇ સમા નામની વ્યક્તિઓના ફોન પે એપમાં ટ્રાન્સફર કરાવી લઈ લોન પાસ નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૬/૨૦૨૧**

**નારણપુરાઃ** મહેન્દ્રભાઇ સાગરમલ કોઠારી (રહે. રમણકલા ફ્લેટ સંઘવી હાઇસ્કુલ પાસે નારણપુરા) એ તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૧૬/૦૮/૨૦૨૧ સવારના ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી ચાંદીના દાગીના, સિક્કા અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૭/૨૦૨૧**

**બાપુનગરઃ** રાધાબહેન ભાસ્કરભાઈ નાયર (ઉ.વ.૭૦) (રહે. ગવર્મેન્ટ “ઈ” કોલોની અંબર સિનેમા સામે બાપુનગર) તા.૧૬/૦૮/૨૦૨૧ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર અંબર સિનેમા સામે આવેલ ગવર્મેન્ટ ઈ-કોલોની દરવાજાની અંદર પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ રાધાબહેન નાયરના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૪,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાધાબહેન નાયરે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૮/૨૦૨૧**

**“એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** આઝીમાહબાનુ મોહંમદસાજીદ શેખ (ઉ.વ.૧૯) (રહે.દયાનંદ સોસાયટી યુનાઈટેડ ફ્લ્ટ પાસે જુહાપુરા) તા.૧૬/૦૮/૨૦૨૧ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ મોહમદપુરા સર્કલથી શાંતિપુરા સર્કલ તરફ જતા શેલા કટ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ડમ્પર નંબર જીજે ૦૧ એચટી ૭૮૮૪ ના ચાલકે ડમ્પર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા આઝીમાહબાનુ શેખને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃર્તુ પામનાર આઝીમાહબાનુ શેખના પિતા મોહંમદસાજીદ શેખ એ “એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ. શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯૯/૨૦૨૧**

**એલીસબ્રીજઃ** પ્રશાંતભાઈ સ/ઓ અરવિંદભાઈ પટેલ (ઉ.વ.૪૦) (રહે.રણછોડ ભવન ગંગામાતા મંદીર પાસે માદલપુર ગામ એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી રજાકભાઈ ભીખાભાઈ ચલાવે છે.

**નારોલઃ** રાજકુમારી વા/ઓ આકાશ શ્રીવાસ (ઉ.વ.૨૦) (રહે. લક્ષ્મીનગર સોસાયટી ઉમંગ ફ્લેટની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી. "કે" ડિવીઝન ચલાવે છે.

**દાણીલીમડાઃ** સમીમબાનુ વા/ઓ અબ્દુલહમીદ શેખ (ઉ.વ.૩૭) (રહે. સુફીયાન પાર્ક નવરંગ સ્કુલ બેરલ માર્કેટ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી